# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, મહેસાણા

સત્યમેવ જયતે

જમીન શાખા, જિલ્લા સેવા સદન, બહુમાળી સંકુલ, બ્લોક નં.૩, પહેલો માળ
ટેલીફોન નંબર : ૦૨૭૬૨-૨૨૨૨૧૯, ફેક્સ નંબર : ૦૨૭૬૨-૨૨૨૨૦૨
E-mail:- Collector-meh@gujarat.gov.in


૭૯

નં.વીપી/જમીન/વશી/૬૦/૨૦૨૦
તા. ૧૬/૦૧/૨૦૨૦

વિષયઃ- મોજે. સુજાણપુરા,તા. બેચરાજીના ગૌચર સદરના રીસર્વે નં. ૫૦૦ (જુના સર્વે નં. ૯૦૦૩) હે.આરે. ૨૦-૦૯-૪૯ ચો.મી. પૈકી હે.આરે. ૦૭-૦૨-૮૧ ચો.મી. તથા રીસર્વે નં. ૪૯૯(જુના સર્વે નં. ૯૦૦૨) હે.આરે. ૨૩-૯૧-૫૮ ચો.મી. પૈકી હે.આરે. ૦૪-૯૭-૧૯ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૨-૦૦-૦૦ ચો.મી. જમીન એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગરને ફાળવવાના કામે ગૌચર સદરેથી કમી કરી સરકારી પડતરે દાખલ કરવા તથા મોજે. મોઢેરા, તા. બેચરાજીના સરકારી પડતર સદરના રીસર્વે નં. ૧૦૬૮ની ૨૯૭ ચો.મી., રીસર્વે નં. ૨૪૦૧ની ૭૮૩૦૧ ચો.મી, રીસર્વે નં. ૨૫૬૪ની ૮૩૪૧ ચો.મી, રીસર્વે નં. ૩૧૦૫ની ૫૦૭ ચો.મી. રીસર્વે નં. ૩૧૩૦ની ૧૬૭૩ ચો.મી. તથા મોજે. સુજાણપુરા, તા. બેચરાજીના રીસર્વે નં. ૪૪૨ની ૨૬૧૦૫ ચો.મી. તેમજ મોજે. છટાસણા તા. બેચરાજીના રીસર્વે નં. ૭૯ની હે.આરે. ૫૦૨૮ ચો.મી. પૈકી ૪૭૭૬ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૨-૦૦-૦૦ ચો.મી. જમીન ગૌચર સદરે નીમ કરવા બાબત.

<u>વંચાણમાં લીધું :-</u>

(૧) સેકશન અધિકારીશ્રી, એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગરના પત્ર એસ.એલ.આર/૧૧/૨૦૧૭/૬૯૨(પીર)/બી૧, તા. ૦૭/૦૮/૨૦૧૯

(૨) મામલતદારશ્રી બેચરાજીના પત્ર નં. જમીન/વશી/૨૪/૨૦૨૦, તા. ૦૮/૦૧/૨૦૨૦ તથા પ્રાંત અધિકારીશ્રી, કડીના પત્ર નં. જમીન/વશી/૧૦૫/૨૦૨૦, તા. ૧૦/૦૧/૨૦૨૦.

(૩) સરકારશ્રી મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- જમન/૯૪/૩૧૯૪/ગ, તા. ૦૧/૦૪/૨૦૧૫

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ -૧૦૮(૪)

હુકમ

સેકશન અધિકારીશ્રી, એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગરએ આમુખ-(૧) માં દર્શાવેલ તા. ૦૭/૦૮/૨૦૧૯ના પત્રથી મોજે. સુજાણપુરા,તા. બેચરાજીના ગૌચર સદરના રીસર્વે નં. ૫૦૦ (જુના સર્વે નં. ૯૦૦૩) હે.આરે. ૨૦-૦૯-૪૯ ચો.મી. પૈકી હે.આરે. ૦૭-૦૨-૮૧ ચો.મી. તથા રીસર્વે નં. ૪૯૯(જુના સર્વે નં. ૯૦૦૨) હે.આરે. ૨૩-૯૧-૫૮ ચો.મી. પૈકી હે.આરે. ૦૪-૯૭-૧૯ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૨-૦૦-૦૦ ચો.મી. જમીન મોઢેરાને સુર્ય ઉર્જાથી પ્રકાશિત કરવાના કામે ફાળવવા માંગણી કરેલ છે.

આ માંગણી કામે મામલતદારશ્રી બેચરાજી તથા પ્રાંત અધિકારીશ્રી, કડીએ ધોરણસરની દરખાસ્ત તૈયાર કરીને અરજદાર વિભાગને માંગણી મુજબની જમીન ફાળવવાના અભિપ્રાય સાથે આમુખ-(૨)માં દર્શાવેલ પત્રથી અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. સવાલવાળી જમીનની સ્થળ-સ્થિતિની વિગતો દર્શાવતું સર્કલ ઓફીસર, બેચરાજી રૂબરૂનું તા. ૦૮/૦૧/૨૦૨૦ના રોજનું પંચનામુ દરખાસ્તના પાન નં. ૧૬૯ ઉપર રજુ થયેલ છે, જે જોતાં માંગણીવાળી જમીન સ્થળે ખુલ્લી અને પડતર છે. આ જમીનમાં બે વીજ લાઇન પસાર થાય છે તથા વરસાદી પાણીના નિકાલનો નાનો વહેળો આવેલ છે તેમજ ૫ થી ૭ વખડા તથા દેશી બાવળના ઝાળ આવેલ છે.

અરજદાર વિભાગની માંગણીવાળી જમીન ગૌચર સદરની હોઇ આમુખ-(૩) માં દર્શાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવની જોગવાઇઓ મુજબ ગૌચર જમીન સરકારી કામે/ જાહેર ઉપયોગીતાના હેતુ માટે ફાળવવામાં આવે તેવા પ્રસંગે માંગણીવાળી જમીન જેટલી અન્ય સરકારી પડતર જમીન ગૌચર સારૂ નીમ કરવાની થતાં તે માટે મોજે. મોઢેરા, તા. બેચરાજીના સરકારી પડતર સદરના રીસર્વે નં. ૧૦૬૮ની ૨૯૭ ચો.મી., રીસર્વે નં. ૨૪૦૧ની ૭૮૩૦૧ ચો.મી, રીસર્વે નં. ૨૫૬૪ની ૮૩૪૧ ચો.મી., રીસર્વે નં. ૩૧૦૫ની ૫૦૭ ચો.મી., રીસર્વે નં. ૩૧૩૦ની ૧૬૭૩ ચો.મી તથા મોજે. સુજાણપુરા, તા. બેચરાજીના રીસર્વે નં. ૪૪૨ની ૨૬૧૦૫ ચો.મી. તેમજ મોજે. છટાસણા તા. બેચરાજીના રીસર્વે નં. ૭૯ની હે.આરે. ૫૦૨૮ ચો.મી. પૈકી ૪૭૭૬ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૨-૦૦-૦૦ ચો.મી. જમીન ઉક્ત સદરેથી કમી કરી ગૌચર સદરે નીમ કરવાના અભિપ્રાય સાથે દરખાસ્ત રજુ કરેલ છે. ગૌચર સદરે નીમ કરવાની થતી જમીનની સ્થળ-સ્થિતિની વિગતો દર્શાવતું સર્કલ ઓફીસર, બેચરાજી રૂબરૂના તા. ૦૪/૦૧/૨૦૨૦ તથા તા. ૦૮/૦૧/૨૦૨૦ના રોજના પંચનામા દરખાસ્તના પાન નં. ૨૪૯-૨૫૧, ૨૭૭, ૨૮૭ ઉપર રજુ થયેલ છે, જે જોતાં સદરહુ જમીન ખુલ્લી અને પડતર છે. સદર જમીનમાંથી ત્રણ વીજ લાઇન પસાર થાય છે. તેમજ આ જમીનમાં ૮-ખીજડા, ૭ વખડાના ઝાડ તથા ઇઝરાઇલી બાવળના ઝાડી-ખાંખરાં આવેલ છે.

સબબ, આમુખ-(૩)માં દર્શાવેલ મહેસુલ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૫ના ઠરાવની જોગવાઇઓ મુજબ મોજે. મોઢેરા, તા. બેચરાજીના સરકારી પડતર સદરના રીસર્વે નં. ૧૦૬૮ની ૨૯૭ ચો.મી., રીસર્વે નં. ૨૪૦૧ની ૭૮૩૦૧ ચો.મી, રીસર્વે નં. ૨૫૬૪ની ૮૩૪૧ ચો.મી, રીસર્વે નં. ૩૧૦૫ની ૫૦૭ ચો.મી., રીસર્વે નં. ૩૧૩૦ની ૧૬૭૩ ચો.મી તથા મોજે. સુજાણપુરા, તા. બેચરાજીના રીસર્વે નં. ૪૪૨ની ૨૬૧૦૫ ચો.મી. તેમજ મોજે. છટાસણા તા. બેચરાજીના રીસર્વે નં. ૭૯ની હે.આરે. ૫૦૨૮ ચો.મી. પૈકી ૪૭૭૬ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૨-૦૦-૦૦ ચો.મી. વાળી દરખાસ્તે પાન નં. ૨૫૩-૨૬૧, ૨૭૯ તથા ૨૮૯ના નકશે વાદળી રંગથી દર્શાવેલ જમીન સરકારી પડતર સદરેથી કમી કરી ગૌચર સદરે નીમ કરવા તથા પાન નં. ૧૭૧ના નકશે વાદળી રંગની લાઇનથી દર્શાવેલ મોજે. સુજાણપુરા,તા. બેચરાજીના

ગૌચર સદરના રીસર્વે નં. ૫૦૦ (જુના સર્વે નં. ૯૦૦૩) હે.આરે. ૦૭-૦૨-૮૧ ચો.મી. તથા રીસર્વે નં. ૪૯૯(જુના સર્વે નં. ૯૦૦૨) હે.આરે. ૨૦-૦૯-૪૯ ચો.મી. પૈકી ચો.મી. પૈકી હે.આરે. ૦૪-૯૭-૧૯ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૨-૦૦-૦૦ ચો.મી. વાળી જમીન હે.આરે. ૨૩-૯૧-૫૮ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગરને ફાળવવાના કામે આમુખ-(૪)માં દર્શાવેલ ગુજરાત પંચાયત અધિનિયમ- ૧૯૯૩ની કલમ-૧૦૮(૪) મુજબ સરેન્ડર સ્વીકારી ગૌચર સદરેથી કમી કરી નીચેની શરતોને આધિન સરકારી પડતર સદરે દાખલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) ગૌચર તરીકે નીમ કરેલ જમીનનો જે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૨) ગૌચર તરીકે નીમ કરેલ જમીનનો કબજો ગ્રામ પંચાયતએ સંભાળવાનો રહેશે અને તેનો ઉપયોગ ગૌચરના હેતુ માટે જ થાય તે જોવાનું રહેશે.

(૩) ગૌચરના હેતુ માટે નીમ કરેલ જમીનનો ઉપયોગ કલેક્ટરશ્રીની પુર્વ મંજુરી સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.

કલેક્ટર કચેરી

(એચ.કે. પટેલ) 16/1
કલેક્ટર મહેસાણા
16/1/20

16/1/2020

નલ સવિનય રવાના :-

(૧) સેકશન અધિકારીશ્રી, મહેસુલ વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) સેકશન અધિકારીશ્રી, એનર્જી અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, બી-૧ શાખા, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના:-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા તરફ જાણ સારૂ.

(૨) પ્રાંત અધિકારીશ્રી, કડી તરફ જાણ સારૂ.

(૩) મામલતદારશ્રી, બેચરાજી તરફ જાણ વ હુકમ મુજબની અમલવારી સારૂ.

(૪) ના મામ. ઇ-ધરા મામલતદાર કચેરી, બેચરાજી તરફ હુકમની નોંધ નં. .............. પાડવામાં આવેલ છે. તો આ કામે ૧૩૫ ડી ની નોટીસો કાઢીને જરૂરી આગળની કાર્યવાહી કરીને અમલ કરવા સારૂ.

(૫) ડી.આઇ.એલ.આર.શ્રી, મહેસાણા તરફ જાણ સારૂ.

(૬) તાલુકા વિકાસ અધિકારીશ્રી, બેચરાજી તરફ જાણ સારૂ.

(૭) તલાટી કમ મંત્રીશ્રી, સુજાણપુરા ગ્રામ પંચાયત, તા. બેચરાજી તરફ જાણ સારૂ.

(૮) તલાટી કમ મંત્રીશ્રી, મોઢેરા ગ્રામ પંચાયત, તા. બેચરાજી તરફ જાણ સારૂ.

(૯) તલાટી કમ મંત્રીશ્રી, છટાસણા ગ્રામ પંચાયત, તા. બેચરાજી તરફ જાણ સારૂ.

(૧૦) સિલેક્ટ ફાઇલે